R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 24•ISSUE: 01 DATE: 04-01-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

# અમેરીકી થિંક ટેન્ક કોંગ્રેસનલ રિસર્ચ સર્વીસએ નાગરિકતા સુધારા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસી ભારતમાં લઘુમતી મુસ્લીમોના દરજ્જાને અસર કરશે.ભારતના ઇતિહાસમાં પહેલીવાર કાયદાકીય પ્રક્રિયામાં ધાર્મિક માપદંડ સામેલ કરાયા છે :૧૯૫૫થી અત્યાર સુધી આ કાયદામાં એકપણ સુધારો ધાર્મિક માપદંડના આધારે કરાયો નથી

અમેરીકી થિંક ટેન્ક કોંગ્રેસનલ રિસર્ચ સર્વીસ એ જણાવ્યુ હતું કે મોદી સરકાર દ્વારા લાગુ કરાયેલો નાગરિકતા સુધારા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસી ભારતમાં લઘુમતી મુસ્લીમોના દરજ્જાને અસર કરશે.૧૮મી ડિસેમ્બરે જારી કરાયેલા સીઆરએસના રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ છે કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલી વાર દેશની કાયદાકીય પ્રકીયામાં ધાર્મિક માપદંડ સામેલ કરાયા છે. સીઆરએસએ જણાવ્યુ હતું કે ભારત સરકાર દ્વારા ઘડાયેલો નાગરિકતા સુધારા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસી દેશના ૨૦ કરોડ મુસ્લીમોનો દરજજને અસર કરી શકે છે. આ સીઆરએસનો નાગરિકતા સુધારા કાયદા અને પ્રસ્તાવિત એનઆરસી પર પહેલો રિપોર્ટ છે. રિસર્ચ વિંગના બે પાનાના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતનો નાગરિકતા કાયદો ૧૯૫૫ ગેરકાયદેસર વિદેશીને ભારતના નાગરિક બનતા અટકાવતો હતો.૧૯૫૫થી અત્યાર સુધીમાં આ કાયદામાં ઘણા સુધારા કરાયા હતા.પરંતુ એક પણ સુધારો ધાર્મિક માપદંડના આધારે કરાયો નહોતો.

સીઆરએસએ જણાવ્યુ હતું કે નાગરિકતા સુધારા કાયદાના વિરોધીઓને ચેતવણી આપી છે કે વડાપ્રધાન મોદી અને ભારતીય જનતા પાર્ટી હિંદુ બહુમતીવાદ અને મુસ્લીમ વિરોધી એજન્ડા અપનાવી રહી છે જે ભારતના બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાકના દરજજા સામે પડકારરુપ અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના નિયમોનું ઉલ્લંઘન છે. નાગરિકતા સુધારા કાયદામાં સુધારાયેલી મહત્વની જોગવાઈઓ ભારતના બંધારણના આર્ટીકલ ૧૪ અને ૧૫ નું ઉલ્લંઘન કરે છે.

સીઆરએસે જણાવ્યુ હતું કે કાયદામાં શ્રીલંકામાં બૌધ્ધ સતાવણીનો સામનો કરતાં તામિલ હિંદુ અને બર્માના રોહિંગ્યા મુસ્લીમોને કાયદાની જોગવાઈમાંથી બાકાત રાખીને અન્ય દેશોના નિરાશ્રિતો અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. તેવીજ રીતે પાકિસ્તાનમાં સતાવણીનો સામનો કરી રહેલા એહમદિયા અને શિયાને આ કાયદા અંતગર્ત કોઈ સંરક્ષણ અપાયું નથી.

વોલ સ્ટ્રીટ જર્નલના એક લેખમાં જણાવવામાં આવ્યુ છે કે મોદી સરકાર ઈચ્છતી તો સીએએ અને એનઆરસી ના મુદ્દે મુસ્લીમોમાં પ્રવર્તી રહેલા ભયને ઓછો કરી શકતી હતી. પરંતુ તેનાથી ઉલ્ટું મોદી સરકાર લઘુમતી સમુદાયમાં ભયનું વાતાવરણ પ્રસરાવી રહી છે. વડાપ્રધાન મોદી સબકા સાથ સબકા વિકાસ એવી વાતો કરે છે પરંતુ તેમના કાર્યકાળમાં ધાર્મિક બહુમતીવાદને સમર્થન મળી રહ્યુ છે. વડાપ્રધાન મોદી અને અમિત શાહ મુસ્લીમો સામેની હિંસાના આરોપી કટ્ટરપંથીઓનું સમર્થન કરતા રહ્યા છે.

સીઆરએસ સંસદથી સ્વતંત્ર રિસર્ચ વિંગ છે જે અમેરિકી સાંસદોને નિર્ણયો લેવામાં મદદરુપ થાય તેવી માહિતી ઉપલબ્ધ થાય તે માટે ઘરેલું અને વૈશ્વીક મામલાઓ પર સમયાંતરે રિપોર્ટ આપતી રહે છે.

# મુંબઇમાં નાગરિક સંરક્ષણ ધારાના વિરોધમાં ભારે જનમેદનીએ વિરોધ દેખાવો યોજ્યા



મુંબઈમાં સીએએના સમર્થનમાં વિશાળ રેલીઓ યોજાઈ હતી. કેન્દ્ર સરકારે તાજેતરમાં સંસદના સત્રમાં પસાર કરાયેલા નાગરિક સુધારા કાયદા અને પ્રસ્તાવિત નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝન્સ નો દેશભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે.

મુંબઈ,દિલ્હી,અજમેર,વિજયવાડા સહિતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજાયા હતા.દેખાવોમાં વિવિધ સંગઠનો અને કેટલાક રાજકીય નેતાઓએ ભાગ લીધો હતો. જયારે દેશમાં અનેક યુની.ના વિદ્યાર્થીઓ આ બાબતે એકસુત્ર થઈને સરકારનો વિરોધ કરી રહ્યા છે.




દિલ્હીના જોરબાગ વિસ્તારમાં કોંગ્રેસના નેતા અલકા લાંબા્ને દિલ્હીના પુર્વ ધારાસભ્ય શોએલ ઈકબાલ સહિત આમ આદમીના નેતાઓ વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા.દેશની રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો હિંસક સ્વરુપ ના પકડે માટે મોટી સંખ્યાંમાં પોલીસદળો ખડકી દેવામાં આવ્યા હતા.યુવાનો અને યુવતીઓ આ વિરોધ પ્રદર્શનોમાં બહાર આવ્યા છે. જો કે ભાજપે પરિસ્થિતિની ગંભીરતા જોતા તેમના કાર્યકરોને વિરોધ પ્રદર્શનો સામે દેખાવો કરવા માટેના કાર્યક્રમો આપ્યા છે.

# ચીન હવે નવેસરથી ધર્મ ગ્રંથ કુરાન અને બાયબલ લખશે

ચીન સરકાર દ્વારા ઉઈધુર મુસ્લીમો પરનો અત્યાચાર વધી રહ્યો છે અને આખા વિશ્વમાં તેની ભારે ટીકા થઈ રહી છે. વખતો વખત કાચંડાની જેમ રંગ બદલતા અને શાંતિની વાતો કરતાં ચીન દ્વારા મુસ્લીમોની ધાર્મિક પરંપરા અને રીતીરીવાજો અંગે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ચીન હવે મુસ્લીમોનો ધર્મગ્રંથ કુરાન અને ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાયબલ ફરીથી લખશે. આ માટેનો હેતુ સમાજવાદી મુલ્યોને પ્રતિબંધિત કરવાનો છે. ચીનમાં ઉઈધુર મુસ્લીમોને બળજબરીથી પકડીને અટકાયતી છાવણીમાં પુરવામાં આવી રહ્યા છે.તેવા આક્ષેપો વચ્ચે ચીન દ્વારા બંને ધર્મગ્રંથોમાં ફેરફાર કરાઈ રહ્યો છે. ઉઈધુર આંદોલનકારોને પકડી પકડીને તેમના પરિવારથી અલગ કરાઈ રહ્યા છે અને બળજબરીથી તેમનું ધર્મ પરિવર્તન કરાઈ રહ્યું છે.ઉઈધુર મુસ્લીમો પરના અત્યાચારોની આખા વિશ્વમાં ટીકા થઈ રહી છે. અમેરિકાએ તાજેતરમાં સંસદમાં ઉઈધુર માનવ અધિકાર નીતિ ખરડો પસાર કર્યો છે. જેમાં ચીને નજરકેદ કરેલા દસ લાખ ઉઈધુર મુસ્લીમોને તેમજ અન્ય મુસ્લીમોને મુક્ત કરીને તમામ સવલતો આપવા માંગણી કરી છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઉત્તર ભારતમાં શીત લહેર વધુ કાતિલ બની છે. સિઝનની સૌથી વધુ ઠંડી દિલ્હીમાં પડી હોવાને કારણે રાજધાનીમાં હડકંપ મચી ગયો છે. ઉત્તરભારતના મેદાની ઈલાકાઓ ઠંડીથી ધ્રુજી રહ્યા છે. રાજસ્થાનમાં આવેલા હિલસ્ટેશન માઉન્ટ આબુમાં માઈનસ ડીગ્રી તાપમાન નોધાયું છે. પાણી બરફમાં ફેરવાયું છે. કાશ્મીરમાં માઈનસ ડીગ્રી પારો પહોચી ગયો છે. દિલ્હીનો ઠંડીનો ૧૧૮ વર્ષનો રેકોર્ડ તુટી ગયો. વાહનવ્યવહાર પર અસરો પહોચી છે. ધુમ્મસના કારણે વિમાન અને રેલવે સેવાઓને અસર થઈ છે.આમ ઊત્તર ભારત શીત લહેરથી ભારે પ્રભાવિત થયું છે.

૨૦૧૯નું વર્ષ સમાપ્ત થઈ ગયું છે. સારા નરસા પ્રસંગો હવે ભુતકાળ બની ગયા છે. ૨૦૨૦નું નવું વર્ષ આવી ગયું છે. સમગ્ર વિશ્વમાં આર્થિક મંદીના ઓળા ઉતરી આવ્યા છે. ભારત તેમાં બાકાત નથી. આર્થિક મંદીના ભરડામાં સપડાયેલ દેશ માટે આવનારા દિવસો અને કપરી સમસ્યાઓ વિકરાળ બની ના રહે માટે સજાગ બનવાનું છે. કેટલાક ખોટા નિર્ણયો હજું પણ દેશને નડી રહ્યા છે. પરંતુ સત્તા સ્થાને બેઠેલા લોકોને હજુ તેની અસરો વર્તાતી નથી. કેટલાક મોટા એકમો માંદા પડ્યા છે અને તેમના હવે છેલ્લી ઘડીના ઉપાયો હાથ ધરવાના છે જો કે હજુ પણ તેમના માટે ઉપાયો કારાગત નીવડશે કે કેમ તે હજુ નક્કી નથી. બેરોજગારી દેશની સૌથી મોટી સમસ્યા છે તેમાં આર્થિક મંદીના કારણે મોટા ઉદ્યોગો મરણ પથારીએ પડયા છે અને નવી રોજગારી ઉભી થઈ શકે તેમ નથી. રોજગારો બેરોજગાર બન્યા છે તેમની આકરી પરીક્ષા શરુ થઈ છે. મોંઘવારી અને ફુગાવો કાબુ બહાર છે.

સરકાર હજુ નાગરિક સંશોધનના આટાપાટામાં આંચકા લઈ રહી છે. કેટલાક સમયથી કેટલાક નબળા નિર્ણયો દેશને પાયમાલી તરફ લઈ જઈ રહ્યા છે.

## મંતવ્ય

કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયે ભારતીયો દ્વારા સ્વિત્ઝર્લેન્ડનીબિન્કોમાં જમા કરાવેલ કાળુ નાણું પરત લાવવા અને તેને જાહેર કરવાનો ઈન્કા કર્યો છે. ૨૦૧૪માં વિદેશી બેન્કોમાં ભારતમાં કમાયેલું ધન સ્વીસ બેન્કોમાં જમા કરાવીને દેશ સાથે ગદ્દારી કરનારા લોકોને ખુલ્લા પાડવાનું અને તે ધનથી દેશનો વિકાસ કરવાનું તેમજ દેશના નાગરિકોના ખાતામાં ૧૫ લાખ જમા કરાવવાનું વચન આપેલું તે પોકળ સાબિત થયું છે. વર્તમાન સરકારે હવે આ મામલે પોતાની પીઠ ફેરવી લીધી છે.જેમાં જે કારણ દર્શાવાયું છે તે તે છે કે ભારત અને સ્વીસ સત્તાવાળાઓ સાથે થયેલ સંધિના પગલે આ માહિતી આપી શકાય તેમ નથી. માહિતી મેળવવાના અધિકાર અન્વયે દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં સરકારે કહ્યુ છે કે આરટીઆઈની કલમ ૮(૧)(એ) હેઠળ ભારતની અખંડિતતા અને સાર્વભૌમત્વને અસર કરે તેવી માહિતી જાહેર કરવા પર પ્રતિબંધ છે. આ ઉપરાંત દેશની સલામતી,વ્યુહાત્મકતા અને આર્થિક હિતો હોય તેવી માહિતી પણ ન આપી શકાય. તેમજ વિદેશી સરકારો સાથેના સબંધો ખરાબ થઈ શકે અથવા તેના કારણે ગુનો સર્જાઈ શકે તેવી માહિતી પણ આ કલમ હેઠળ આપી શકાય નહીં.વર્તમાન સરકારે સત્તા મળી તે પહેલાં દેશના નાગરિકોને કેટલાક વાયદા કર્યા હતા. તે પૈકીનો આ એક વાયદો વિદેશમાંથી ધન પરત લાવવાની વાત હતી. આ બાબતે સંસદમાં પણ સરકારે ઘણી વાર નિવેદનો કર્યા હતા જો કે સરકાર આ બાબતે વાયદામાંથી નામુક્કર થઈ છે.

મૌલિક કે. વ્યાસ


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# જામીયા યુનીવરસીટીની ઘટના જલિયાવાળા બાગ જેવી હતી : ઉદ્ધવ ઠાકરે

નાગરિક સંશોધન કાયદા અંગે દેશભરમાં ચાલી રહેલા વિરોધમાં હવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે પણ સુર પુરાવ્યો છે. ઠાકરેએ કેન્દ્રની સરકારને સલાહ આપી છે કે સરકાર વિદ્યાર્થીઓ સાથે જે કંઈ કરે છે તે ન કરવું જોઈએ. ઠાકરેએ જામીયા યુની.માં થયેલી હિંસા માટે પોલીસની નિંદા કરી હતી અને કહ્યુ હતું કે કેમ્પસમાં જે કંઈ બન્યું તે જલિયાવાળા બાગ જેવું હતું, જે ન બનવું જોઈએ.

ઉલ્લેખનીય` કે દિલ્હીમાં જામીયા મીલીયા ઈસ્લામીયા યુની.ના વિસ્તારમાં હિંસા,આગચંપી અને તોડફોડના મામલે પોલીસ ૧૦ લોકોની ધરપકડ કરી છે. તેમાંથી કોઈ વિદ્યાર્થી નથી. સંશોધિત નાગરિકતા કાયદા વિરુધ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન ન્યુ ફ્રેડ્સ કોલોનીમાં અસામાજિક તત્વોએ હંગામો મચાવ્યો હતો. ઉદ્દવ ઠાકરેએ કહ્યુ હતું કે વિદ્યાથી યુવા બોમ્બ છે એવામાં અમે કેન્દ્ર સરકારને અનુરોધ કરીએ છીએ કે તેઓ વિદ્યાર્થી સાથે જે કંઈ કરી રહ્યા છે તે ન કરે.

ઉધ્ધવ ઠાકરેના આ નિવેદન અંગે મહારાષ્ટ્રના પુર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યુ હતું કે શિવસેના દ્વારા તમામ શહીદોનું આ સૌથી મોટું અપમાન છે.

જો કે જામીયા કેમ્પસમાં જે બર્બરતા અપનાવાઈ હતી તે બાબતે શાસક પક્ષે કોઈ નિવેદન કર્યા નથી ઉલટાનું વિદ્યાર્થીઓને ગુનેગાર



સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરિણામે આખા દેશમાં આ વિરોધ વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ગયો છે.

# ઝારખંડમાંથી જનમત એનડીએ વિરુધ્ધમાં ગયો : જેએમએમ-કોગ્રેસની સરકાર બનશે

ઝારખંડ વિધાનસભાની ૮૧ સીટ માટે યોજાયેલી ચુંટણીના પરિણામો જાહેર થતાં જનમત એનડીએની વિરુધ્ધમાં ગયો છે. જેમાં ઝારખંડ મુક્તિ મોરચો,કોગ્રેસ અને આરજેડીના ગઠબંધનને ૮૧ સીટો પૈકીમાં ૪૭ સીટો પર સ્પષ્ટ બહુમતી મળી છે. જેમાં જેએમએમને ૩૦,કોગ્રેસને ૧૬ અને આરજેડીને ૧ સીટ મળી છે. રાજ્યમાં સરકાર રચવા માટે ૪૧ સીટોની બહુમતી હોવી જરુરી છે. આમ ત્રણેય મિશ્ર પક્ષોને સરકાર રચવાનો મોકો મળશે.ભાજપ માટે આ પરિણામો આંચકાજનક છે. ભાજપને માત્ર ૨૫ સીટો મળી છે.હવે જેએમએમના નેતા હેમંત સોરેન મુખ્યમંત્રી બનશે તે નક્કી છે. ભાજપ માટે આઘાતની પળો છે. કારણકે ૩૭૦ કલમની નાબુદી,મંદિર તરફેણમાં ચુકાદો, નાગરિક સંશોધન બિલ વિગેરે મુદાઓ તેમની તરફેણમાં મતદાન લાવ્યા નથી. જેએમએમ અનો કોગ્રેસ ગઠબંધને મેદાન માર્યુ છે. જો કે ભુતકાળમાં નરસિંહા રાવે શિબુ સોરેનના ટેકાથી પાંચ વર્ષ સુધી કેન્દ્રની સરકાર ચલાવી હતી.હેમંત સોરેન તેમના પુત્ર છે. જે હવે ઝારખંડની ગાદી સંભાળશે તે નક્કી છે.ધીમે ધીમે જે રાજ્યોમાં ભાજપની સત્તા હતી ત્યાં તબક્કા વાર જુવાળમાં ઓટ આવી રહી છે અને સત્તા સરકી રહી છે. ભાજપ પહેલા સમગ્ર દેશમાં કેસરીયો રંગ ફેલાવવા આતરુ હતું અને કોગ્રેસનો સફાયો કરવા આતુર હતું હવે તેમની જાજમ ખસકી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. દેશભરમાં તેમના વિરુધ્ધ જનમત ઉભો થઈ રહ્યો છે. આર્થિક રેલગાડી પાટી પરથી ઉતરી ગઈ છે.

મોઘવારીનો આંક ઉચોને ઉંચો જઈ રહ્યો છે. ગરીબો માટેની કસ્તુરી અને રોટલો મોંઘો થઈ ગયો છે. નાના-મધ્યમ અને મોટા ઉદ્યોગો ભારે મંદી અને આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યા છે.બેરોજગારી અને મોંઘવારીએ લોકોની કમર તોડી નાંખી છે. ક્યાં સુધી અચ્છે દિન માટે લોકો રાહ જોશે. વચનોની હેલીઓ સુકાઈ ગઈ છે. અને હવે તેનું પરિણામ દેખાવા લાગ્યું છે. અન્ય રાજ્યોમાં તેની અસરો ઉભરી રહી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


## જાણવા જેવું !

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.
કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.
વીછી રણ પ્રદેશમાં ૧૧૬ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમીમાં પણ જીવતો રહી શકે છે.


જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ભારતમાં ગંભીર આર્થિક મંદી, ઘટી રહેલી માંગ, મૂડી રોકાણ અને મહેસુલી આવકે વિકાસને રોક્યો,સરકારે તાતાકલિક પગલાં લેવા જોઇએ : આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું સુચન

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(આઇએમએફ)દ્વારા જણાવાયુ હતું કે ભારતમાં આર્થિક મંદી ગંભીર સ્થિતિ પર પહોંચી છે. ભારત વૈશ્વિક વૃધ્ધિને ચાલક બળ પુરુ પાડતા અર્થતંત્રો પૈકીનું એક છે. તેથી ભારત સરકારે આર્થિક મંદી દુર કરવા માટે ઝડપથી પગલાં લેવા જોઇએ. ઘટી રહેલા માંગ, ઉપાડ,મુડી રોકાણ અને મહેસુલી આવકે અન્ય પરિબળો સાથે મળીને વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રો પૈકના એક ભારતીય અર્થતંત્રની ગાડીને બ્રેક મારી છે.

સાલગાડોએ જણાવ્યુ હતું કે જો ભારતીય આર્થિક મંદી વધુ ઘેરી બનશે તો ભારતીય રિઝર્વ બેન્ક પાસે હજુ વ્યાજદરોમાં વધુ ઘટાડો કરવાની તક છે. અમે હજુ પણ માનીએ છીએ કે ભારતમાં આર્થિક મંદી સ્ટ્રકચરલ નહીં પરંતુ સાઇક્લિક છે. ફાઇનાન્સિયલ સેકટરની સમસ્યાઓના કારણે અમે માનીએ છીએ કે ધાર્યા પ્રમાણે રીકવરી એટલી ઝડપી રહેશે નહીં. આ મુખ્ય સમસ્યા છે.

સાલગાડોએ ભારતની આર્થિક મંદી પર આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. અને હાલની આર્થિક મંદીને આર્થિક કટોકટી ગણાવવાનો ઇન્કાર કર્યો હતો.તેમણે જણાવ્યુ હતું કે હાલની આર્થિક મંદીને આર્થિક કટોકટી કહી શકાય નહીં. આપણે ગ્રોથરેટમાં ઘટાડો જોયો છે. વિદેશી હુંડિયામણ, ફુગાવો જેવા પરિબળો નિયંત્રણમાં છે. સૌથી મહત્વની વાત એ છે કે ફાઇનાન્સીયલ સેકટરમાં સુધારા કરવામાં આવે.

આર્થિ સુસ્તી માટે જવાબદાર ગણાવેલા પરિબળોમાં ૧.એનબીએફસીની સમસ્યો,વણસી ગયેલી ધિરાણની સ્થિતિ ૨.આવકમાં નબળો વધારો ,ગ્રામીણ વિસ્તારોમાં ઘટેલી ખપત. ૩.ફાઇનાન્સીયલ સેકટરની મુશ્કેલીઓમાં ખાનગી મુડી રોકાણમાં થયેલો ઘટાડો. અને ૪. રાષ્ટ્રવ્યાપી જીએસટીના અમલ સહિતના સ્ટ્રકચરલ સુધારા પણ જવાબદાર.



મહારાષ્ટ્રમાં ભાજપ સાથે છેડો ફાડીને એનસીપી અને કોગ્રેસ સાથે યુતિ રચીને સરકારની રચના કર્યા બાદ ૩૧ દિવસ પછી ઉદ્વવ ઠાકરે એ તેમની કેબિનેટમાં વધુ ૩૬ સભ્યોનો સમાવેશ કર્યો હતો.નાયબ મુખ્યમંત્રી તરીકે એનસીપીના અજિત પવારને સામેલ કર્યા હતા.તે ઉપરાંત તેમના પુત્ર આદિત્ય ઠાકરેને પણ મંત્રી પદ આપ્યું હતું.કોગ્રેસના અશોક ચવાણને પણ કેબિનેટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

# ભારતીય નૌસેના ના બેઝ, ડોકયાર્ડ અને જહાજો પર સ્માર્ટ ફોન પર પ્રતિબંધ

ભારતીય નેવી દ્વારા જાસુસી તેમજ ઓનલાઇન ધમકીઓ રોકવા માટે ફરજ પર રહેલા જવાનો અને કર્મચારીઓ પર સ્માર્ટફોનનો તેમજ ફેસબુક અને વોટ્સએપ જેવી સોશ્યલ મીડીયા સાઇટ્સનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નેવીના જવાનો અને કર્મચારીઓ હવે નેવી બેઝ પર,ડોકયાર્ડમાં, કે જહાજો પર સ્માર્ટ ફોનનો ઉપયોગ કરી શકેશે નહીં. તાજેતરમાં હની ટ્રેપમાં જાસુસી ઘટનાઓમાં કેટલાક લોકો પકડાતાં આ પગલું લેવામાં આવ્યું છે. નેવીના કર્મચારીઓ હવે મેસેજીંગ એપ,નેટવર્કીંગ સાઇટ,બ્લોગિગ સાઇટ, કન્ટેન્ટ શેરીંગ,હોસ્ટીંગ, ઇ-કોમર્સ સાઇટનો ઉપયોગ કરી શકશે નહીં. આમાં ફેસબુક,ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપનો પણ સમાવેશ થાય છે. આમ સ્માર્ટફોન પર પ્રતિબંધ લાગી ગયો છે.

# કેરળ વિધાનસભામાં સીએએને રદ કરવાનો ઠરાવ પસાર : નાગરિકતા સુધારા કાયદો દેશની ધર્મનિરપેક્ષ વિચારધારની વિરુધ્ધ હોવાનો મત

કેરળ વિધાનસભામાં વિવાદાસ્પદ નાગરિકતા સુધારા કાયદો રદ કરવાની માગણી કરતો ઠરાવ ૧૩૮ વિરુધ્ધ ૧ મતથી પસાર થયો હતો. મુખ્યમંત્રી વિજયને કહ્યુ હતું કે સીએએ એ દેશની ધર્મનિરપેક્ષતા વિચારધારાની વિરુધ્ધ છે. જે નાગરિકતા આપવામાં લોકો વચ્ચે ધાર્મિક ભેદભાવ સર્જે છે. આ કાયદો બંધારણના સિધ્ધાંતો અને મુળભુત મુલ્યોની વિરુધ્ધ છે. દેશના લોકોમાં આ મુદ્દે જે રીતે અસંતોષની જવાળા ફેલાઇ છે તે પછી કેન્દ્રએ સીએએનો અમલ પડતો મુકવો જોઇએ.અને બંધારણના ધર્મનિરપેક્ષ મુલ્યો જાળવવા જોઇએ.જે રીતે વ્યાપક વિરોધ દેશમાં થઇ રહ્યો છે તેના કારણે વિશ્વમાં ભારતની છબી ખરડાઇ છે.તેમણે કહ્યુ હતું કે સંઘની વિચારધારા દેશના ધર્મનિરપેક્ષ સિધ્ધાંતોને તોડવાનો એક ખતરનાક એજન્ડા ધરાવે છે. અને લઘુમતીઓની અવગણના કરે છે. સંઘ મુસ્લીમો, ખ્રિસ્તીઓને દેશના આંતરિક શત્રુ ગણે છે. સંઘની વિચારસરણી હિટલર જેવી છે.

# કાશ્મીર ખીણમાં હજુ મોબાઇલ અને ઇન્ટરનેટ સેવાઓ બંધ લદાખના કારગિલમાં ૧૪૫ દિવસ બાદ મોબાઇલ ઇન્ટરનેટ સેવાઓ શરુ કરાઇ

કેન્દ્ર સરકારે પાંચમી ઓગષ્ટે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતાં આર્ટીકલ ૩૭૦ને નાબુદ કર્યા પછી અલગ કરાયેલા કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લામાં ૧૪૫ દિવસ પછી હવે મોબાઇલ-ઇન્ટરનેટ સેવાઓ શરુ કરાઇ હતી.સરકારે કાશ્મીરમાંથી ૭૦૦૦ થી વધુ અર્ધલશ્કરી દળો પાછા ખેંચી લેવાની જાહેરાત કરી હતી.આ જાહેરાત બાદ કારગીલમાં ઇન્ટરનેટ અને મોબાઇલ સેવાઓ બહાલ કરાઇ હતી.પાંચમી ઓગષ્ટ બાદ જમ્મુ-કાશ્મીરના વહીવટીતંત્રે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો હવાલો આપીને મોબાઇલ અને ઇન્ટરનેટ સેવાઓ તેમજ બ્રોડબેન્ડ સેવાઓ બંધ કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુ હતું કે જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થયા બાદ અને યોગ્યસમયે આ સેવાઓ શરુ કરવામાં આવશે. લદાખમાં અધિકારીઓના જણાવ્યા પ્રમાણે હવે કારગીલ જિલ્લામાં સ્થિતિ સંપુર્ણ સમાન્ય બની છે. છેલ્લા ચાર મહિનાથી એક પણ અઇચ્છનીય બનાવ બન્યો નથી. સ્થાનિક ધાર્મિક નેતાઓને આ સુવિધાનો દુરપયોગ નહીં કરવા માટે અપીલ કરાઇ છે. જો કે હજુ કાશ્મીર ખીણ વિસ્તારમાં ઇન્ટરનેટ મોબાઇલ સેવાઓ શરુ કરાઇ નથી.

જમ્મુ-કાશ્મીરના મુખ્ય ધારાના રાજકીય નેતાઓ હજુ પણ અટકાયતમાં છે. જેમાં જમ્મુ-કાશ્મીરના પુર્વ મુખ્યમંત્રીઓ સહિત ઘણા રાજકીય નેતાઓ અને અલગાંવવાદી નેતાઓને પબ્લીક સેફટી એક્ટની જોગવાઇ અંતગર્ત કસ્ટડીમાં રખાયા છે. રાજ્યના ત્રણ વાર મુખ્યમંત્રી રહી ચુકેલા ફારુક અબ્દુલ્લાની કસ્ટડી ત્રણ મહિના માટે વધારાઇ છે.

# સરકારી સિસ્ટમમાં અવિશ્વાસ ધરાવતા ૧૬ દેશના રાજદુતો અને રાજદ્વારીઓએ હિંસા અને પ્રદર્શનોના મામલે ગંભીર ચિંતા દર્શાવી

દેશમાં નાગરિકતા સુધારા કાયદા મુદ્દે ચાલી રહેલી હિંસા અને વિરોધ પ્રદર્શનોના મામલે ૧૬ દેશોના રાજદુતો અને રાજદ્વારીઓએ ચિંતા જાહેર કરી છે.કેટલાક રાજદુતોએ કહ્યુ હતું કે કલમ ૩૭૦ અને બાલાકોટ એરસ્ટ્રાઇકની જેમ સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં નહીં આવતાં સરકારની સિસ્ટમ પ્રત્યે અવિશ્વાસ વધ્યો છે. જો કે રાજદ્વારીઓનું કહેવુ છે કે સીએએ એ ભારતનો આંતરીક મામલો છે.

વિદેશના રાજદુતો અને રાજદ્વારીઓનું કહેવું છે કે સરકારે પુલવામાં હુમલો, બાલાકોટ એરસ્ટ્રાઇક, કાશ્મીરમાં ૩૭૦મી કલમની નાબુદી અને અયોધ્યા ચુકાદા વખતે વિદેશના રાજદુતો અને રાજદ્વારીઓને અગાઉથી માહિતગાર કર્યા નહોતા.પણ સીએએના મુદ્દે પણ સરકારે કોઇ સ્પષ્ટતા કરી નથી.જી-૨૦ દેશમાં સામેલ એક રાજદુતે કહ્યુ હતું કે સીએએ હવે આંતરરાષ્ટ્રીય મુદ્દો બની ગયો છે. કારણકે તેમાં ભારતના ત્રણ પાડોશી દેશોના નાગરિકોને પણ સામેલ કરવામાં આવ્યા છે.

જી-૨૦ અને પી-૫ ગ્રુપમાં સામેલ દેશોના રાજદુતો અને રાજદ્વારીઓએ કહ્યુ હતું કે સીએએ મુદ્દો ઘણો સંવેદનશીલ છે. તેમાં કોઇપણ પ્રકારની ગેરસમજ દ્વીપક્ષીય સબંધો પર અસર કરી શકે છે. વિરોધ પ્રદર્શન ફક્ત મુસ્લીમો સુધી સીમીત નથી. પણ આ કાયદા સામે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અવાજ ઉઠી રહ્યો છે. આ મામલે બાંગલાદેશના ગૃહપ્રધાન અને જાપાનના પીએમ શિન્જો અબેએ તેમની મુલાકાત રદ કરવી પડી છે.

**જાણવા જેવું !**

ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ભારતમાં ટપાલ ખાતામાં પીનકોડની પ્રથાની શરુઆત ૧૯૭૨થી અમલમાં આવી હતી.

મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.

# રોજગારમાં ઘટાડો અને રોકડની તંગી આર્થિક વિકાસને નબળો પાડવામાં કારણભુત : નબળા ઘરેલું વેચાણને કારણે આર્થિક વિકાસને બ્રેક : મુડીઝ

વૈશ્વિક રેટીંગ એજન્સી મુડીઝ ઈન્વેસ્ટર્સ સર્વીસે માર્ચ ૨૦૨૦માં પુરા થનારા વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતનો સરેરાશ ઘરેલુ ઉત્પાદન એટલે જીડીપી દરનો અનુમાન પહેલાં ૫.૮ ટકાથી ઘટાડીને ૪.૯ ટકા કરી દીધો છે. મુડીઝ ઈન્વેસ્ટર્સ સર્વીસે એક રિપોર્ટમાં કહ્યુ છે કે આર્થિક વિકાસને નબળો કરવામાં ગ્રામીણ વિસ્તારમાં નાણાંકીય સમસ્યા ઉભી થઈ છે. રોજગાર ઓછા પેદા થયા છે. અને રોકડની તંગી જેવા કારણોથી નબળા ઘરેલુ ઉત્પાદનને પગલે આ સ્થિતિ પેદા થઈ છે.મુડીઝના સહાયક ઉપાધ્યક્ષ દેબરાહ તાને કહ્યુ છે કે એક સમયે જે રોકાણ આધારિત સુસ્તી હતી તે હવે ફેલાઈ જઈને વેચાણમાં ઘટાડાવાળી અર્થવ્યવસ્થા બની ગઈ છે. કૃષિક્ષેત્રમાં શ્રમિકોના વેતનમાં વધારો પણ નબળી પડતી જમીન અને શ્રમ ક્ષેત્રના જટીલ કાયદાને પગલે રોજગાર ઓછા પેદા થઈ રહ્યા છે.રિપોર્ટમાં એવુ પણ કહેવાયું છે કે ઘરેલું ખરીદી ભારતીય અર્થવ્યવસ્થાની વિકાસની કરોડરજ્જુ રહી છે.વર્ષ ૨૦૧૮-૨૯ની જીડીપીમાં આ ક્ષેત્રનો હિસ્સો ૫૭ ટકા રહ્યો છે. ભારતીય અર્થ વ્યવસ્થાનો વિકાસદર વર્તમાન નાણાંકીય વર્ષની બીજી ત્રીમાસિકીમાં ૪.૫ ટકા રહ્યો છે.રિપોર્ટમાં એવું કહેવાયું છે કે ગેર બેન્કીંગ આર્થિક સંસ્થાઓમાં લોન સંકટથી આ સુસ્તી વધુ ઘેરી બની છે.

સિંગાપોરની આર્થિક સેવા પ્રદાતા કંપનીએ ડીબીએસ બેન્કીંગ સમુહે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતનો આર્થિક વિકાસદરનું અનુમાન ૫.૫ ટકાથી ઘટાડીને પાંચ ટકા કર્યો છે.સમુહનું કહેવું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં સુધારાની ગતિ ધીમી રહેવાનું અનુમાન છે. ટીબીએસે પોતાના અહેવાલમાં કહ્યુ છે કે આ વર્ષ ભારતીય અર્થવ્યવસ્થા પર આર્થી ગતિવિધિઓમાં ઝડપથી ઘટાડો તથા આર્થિ ક્ષેત્રમાં ઉભા થયેલા પડકારો પ્રબાવી થયા છે.

# સ્વિસ ખાતાધારકોની વિગતો જાહેર કરવાનો સરકારનો ઇન્કાર : વિદેશોમાંથી કેટલું કાળુ નાણું પરત આવ્યુ તેની માહિતી પર નહીં મળે

કેન્દ્ર સરકારે ભારતીય સ્વીસ બેન્કોના ખાતાધારકોની માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે. આરટીઆઈ અરજીનો જવાબ આપતાં નાણાં મંત્રાલયે કહ્યુ કે ભારત અને સ્વીત્ઝર્લેન્ડ વચ્ચે થયેલી સંધિની ગુપ્ત જોગવાઈઓ હેઠળ ભારતીય ખાતાધારકો તથા પરત આવેલા કાળા નાણાંની વિગતો આપવી શક્ય નથી.ભારતીય ખાતાધારકોની વિગતો પણ સંધિ હેઠળ સુરક્ષિત કરી દેવાઈ છે. નાણાં મંત્રાલયે વિદેશમાંથી મળેલ બ્લેક મનીની વિગતો જાહેર કરવાનો પણ ધરાર ઈન્કાર કરી દીધો છે.મંત્રાલયે જણાવ્યુ કે સંધિની કલમ૮(૧) હેઠળ ભારતની એકતા અને અખંડિતતાને નુકશાન પહોચે અથવા રાષ્ટ્રની સુરક્ષા, આર્થિક સ્થિતિ અથવા તો બહારના દેશો સાથેના સબંધો પર અવળી અસર પડે તેવીકોઈપણ માહિતી જાહેર કરવી સંધિના ભંગ સમાન છે. એક પત્રકારે આરટીઆઈ અરજી કરીને સરકાર પાસેથી સ્વીસ ખાતાધારકો અને બ્લેક મનીની વિગતો માંગી હતી. પત્રકારે નાણાંમંત્રાલય પાસેથી જાણવા માંગ્યુ હતું કે સ્વિસ બેન્કમાં ભારતીય ખાતાધારોની સંખ્યા કેટલી છે.તેમણે વિદેશમાંથી આવેલ બ્લેક મનીની વિગતો પણ માંગી હતી.

તાજેતરમાં સ્વિસ નેશનલ બેન્કે એવી જાહેરાત કરી હતી કે બેન્કોમાં વર્ષ ૨૦૧૭માં ભારતીયોની જમા રકમમાંપ૦ ટકાનો ઉછાળો આવ્યો છે. અધિકૃત રીતે ત્યાં ભારતીયોની જમા રકમ લગભગ ૭૦૦૦ કરોડ થઈ છે. જો કે આંકડા અનુસાર સ્વિસ બેન્કોમાં જમા વિદેશી રુપીયામાં ફકત ૦.૦૭ ટકા રુપીયા ભારતીયોના છે.ઓકટો. પહેલાં અઠવાડિયામાં સ્વીસ બેન્કે ભારતીય ખાતાધારકોની પહેલી યાદી સરકારને સોપી હતી. ઓટોમેટીક એકસચેન્જ ઓફ ઈન્ફોર્મેશનની નવી વ્યવસ્થા હેઠળ આ યાદી અપાઈ હતી. સ્વિત્ઝર્લેન્ડના ફેડરલ ટેક્સ એડમિસનિસ્ટેટરે ૭૫ દેશોને વૈશ્વિક માપદંડો હેઠળ નાણાંકીય ખાતાની વિગતોનું આદાન પ્રદાન કર્યુ હતું. એફટીએ સ્પષ્ટ જણાવ્યુ હતું કે માહિતી આદાનપ્રદાન પર ગોપનિયતાની જોગવાઈ હેઠળ દેખરેખ રાખવામાં આવશે.એફટીએ એ ભાગીદાર દેશોના ૩૧ લાખ નાણાંકીય ખાતાઓની માહિતી જાહેર કરી હતી. જાહેર કરવામાં આવેલી માહિતીમાં ખાતાધારકનું નામ, દેશ, સ્થળ, સરનામું તથા ટેક્સ ઓળખ નંબર સામેલ હતો.જો કે હાલની કેન્દ્ર સરકારે દેશની જનતા સમક્ષ આવા ખાતેદારો અને તેમના નાણાં પરત લાવવાની મોટી મોટી વાતો કરી હતી. પરંતુ આખરે ગોપનીયતાના નામે બધાજ વચનો પોકળ સાબિત થયા છે.

# એપ્રિલ ૨૦૨૦ થી દેશભરમાં વસતી ગણતરી(એનપીઆર)ની પ્રક્રિયાનો આરંભ થશે

નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર સુધારણા પ્રક્રિયાને કેન્દ્રીય પ્રધાનમંડળે મંજુરી આપતાં એપ્રિલ ૨૦૨૦ થી આ પ્રક્રિયાનો પ્રારંભ થશે. આ સુધારણા આસામ સિવાયના દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં શરુ થશે. ભારતમાં રહેતા તમામ લોકોને આ પક્રિયામાં સામેલ કરાશે. વસતી ગણતરી પંચે જણાવ્યા મુજબ દેશમાં રહેલા લોકોની ઓળખનો ડેટાબેઝ તૈયાર થશે.આ ડેટાબેઝમાં ડેમોગ્રાફિક તેમજ બાયોમેટ્રીક માહીતી એકઠી કરાય છે. ભારતના કોઈપણ વિસ્તારમાં ૬ મહિના કે તેથી વધુ સમયથી રહેતા વ્યક્તિએ નેશનલ રજીસ્ટર ઓફ સીટીજન્સના અમલ તરફના પહેલા પગલાં તરીકે જોવામાં આવી રહ્યું છે. એનપીઆર સુધારણા પ્રક્રીયાને મોદી સરકાર દ્વારા પ્રસ્તાવિક એનઆરસીની પ્રક્રિયા સાથે પણ જોડી દેવાઈ છે. સીએએ અને એનઆરસી વિરોધમાં દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે.ત્યાં એનપીઆરનો નવો મુદ્દો ચર્ચામાં રહેશે.

થાઈલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઈ સજાની જોગવાઈ નથી.
૧૯૭૨થી અમલમાં આવી હતી.
રોમને સાત પહાડોના શહેર તરીકે ઓળખવામાં આવે છે.


**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧





**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.